પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૪ | ૨૬ નવેમ્બર, ૨૦૧૯, મંગળવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વી આર ૧૬૨ : મહારાષ્ટ્રમાં શક્તિપ્રદર્શન

## ઉદ્ધવ ઠાકરે, શરદ પવારના સંબોધનો બાદ તમામે સાથે રહેવાના શપથ લીધા : અજીત પવારની જોરદાર ઝાટકણી

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રમાં રાજકીય ડ્રામાબાજીનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવારના એકાએક શપથ બાદ આઘાતમાંથી બહાર નિકળીને શિવસેના, એનસીપી અને કોંગ્રેસે શક્તિપ્રદર્શન કર્યું હતું. ત્રણેય પક્ષોએ ૧૬૨ ધારાભ્યોની પરેડ કરાવી હતી. મુંબઈની હોટલમાં આ શક્તિપ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તમામ ધારાસભ્યોને એનસીપીના નેતા જીતેન્દ્ર દ્વારા ગઠબંધનની સાથે રહેવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પહેલા ઉદ્ધવ ઠાકરેએ ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, અમે સત્યમેવ જયતે માટે લડી રહ્યા છે. સત્તામાં જયતે હોવા જોઈએ નહીં. ખુબ જ ઉત્સાહિત નજર આવી રહેલા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, હવે તો એક રુમમાં તમામના ફોટાઓ આવશે નહીં. મિત્રો વધી ગયા છે. ત્યારબાદ શરદ પવારે ભાજપ અને અજીત પવાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, ખોટીરીતે સરકારની રચના કરવામાં આવી છે. કર્ણાટક અને મણિપુરમાં ભાજપે આવી જ રમત કરી હતી. અનૈતિકરીતે સરકાર બનાવવાની પ્રક્રિયા દેશમાં ભાજપે શરૂ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર




## મહારાષ્ટ્રના રાજ્યપાલ વતી સુપ્રીમમાં ધારદાર તર્ક

### અરજી કરનાર લોકો ૧૨મી નવેમ્બર બાદ રાજ્યપાલની પાસે કેમ ન ગયા : રાજ્યપાલના વકીલની જોરદાર દલીલ

નવી દિલ્હી, તા. ૨૫

મહારાષ્ટ્રમાં ફ્લોર ટેસ્ટના મામલામાં આવતીકાલે મંગળવારના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. આજે રાજ્યપાલ તરફથી પણ રજૂ થયેલા સોલીસીટર જનરલ તુષાર મહેતા તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, કઈરીતે રાજ્યપાલે દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવારને શપથ અપાવી હતી. તેઓએ રાજ્યપાલને પત્રો સોંપ્યા હતા. સમર્થનના પત્ર પહેલા મરાઠી ભાષામાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા ત્યારબાદ કોર્ટે કહ્યું હતું કે, અંગ્રેજી અનુવાદ ક્યાં છે. ત્યારબાદ તુષાર મહેતા અંગ્રેજીવાળા પત્રો પણ સોંપ્યા હતા. ત્યારબાદ કોર્ટે આને વાંચવાની શરૂઆત કરી હતી. તેઓએ દલીલ કરી હતી કે,



રાજ્યપાલે નવમી નવેમ્બર સુધી ઈંતજાર કર્યો હતો. પહેલા ભાજપે ઈન્કાર કરી દીધો હતો. ૧૦મી તારીખે શિવસેનાને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે શિવસેનાએ પણ ઈન્કાર કરી દીધો છે. ત્યારબાદ ૧૧મી નવેમ્બરના દિવસે એનસીપીએ પણ ઈન્કાર કરી દીધો હતો જેથી રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાનો નિર્ણય કરાયો હતો. મહેતાએ રાજ્યપાલને સોંપવામાં આવેલા પત્રના આધાર પર કહ્યું હતું કે, આજકારણસર તેઓએ શપથવિધિ કરાવી હતી. તેઓએ સુપ્રીમ કોર્ટમાં ૨૨મી નવેમ્બરના દિવસે એનસીપીના નેતા અજીત પવારના એ પત્રને સોંપ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, એનસીપીના તમામ ૫૪ ધારાસભ્યો દ્વારા તેમની પસંદગી કરવામાં આવી છે અને સરકાર બનાવવા અભિકૃત કર્યા છે.

# મહારાષ્ટ્ર મામલે આજે સુપ્રીમ કોર્ટમાં ફેંસલો

## કોંગ્રેસ, એનસીપી અને શિવસેના દ્વારા વિધાનસભામાં તરત બહુમત પરીક્ષણ માટેની જોરદાર માંગ : ભાજપ અને ફડનવીસ વતી મુકુલ રોહતાગીની દલીલો

નવી દિલ્હી, તા.૨૫

મહારાષ્ટ્રમાં રાજકીય સસ્પેન્સ વધુ એક દિવસ સુધી વધી જતા રાજકીય વર્તુળોમાં તેની ચર્ચા હવે જોવા મળી રહી છે. આજે સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોની દલીલોને સાંભળી હતી. તમામ પક્ષોની દલીલોને સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે બહુમતિ પરીક્ષણને લઈને ચુકાદો આવતીકાલે મંગળવારના દિવસે સવારે ૧૦-૩૦ વાગે આપવાની જાહેરાત કરી હતી. કોર્ટે આજે મામલાની સુનાવણી કરતા ચુકાદો અનામત રાખ્યો હતો. ત્રણેય પક્ષોએ કોર્ટમાં પોતાની દલીલોમાં વિધાનસભામાં તરત જ બહુમત પરીક્ષણની માંગ કરી હતી. ફ્લોર ટેસ્ટ માટે તર્કદાર દલીલો રજૂ કરવામાં આવી હતી. બીજી બાજુ ભાજપ અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ આ મામલામાં વિસ્તૃત સુનાવણીની તરફેણ કરી રહ્યા છે. તેઓએ દલીલ કરી હતી કે, સ્પીકર બહુમત પરીક્ષણ કરાવી શકે છે. બીજી બાજુ કોંગ્રેસ, એનસીપી અને શિવસેનાના વકીલો દ્વારા શક્ય તેટલી વહેલીતકે ફ્લોર ટેસ્ટ કરવાની માંગ કરી હતી. શનિવારના દિવસે ત્રણેય પક્ષો દ્વારા કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ મામલે રવિવારના દિવસે પણ સુનાવણી જારી રહી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પ્રદૂષણ મામલે સુપ્રિમ ભારે ખફા

પરાળી સળગાવવા પર રોક લગાવવાના આદેશ બાદ પણ હરિયાણા અને પંજાબમાં આવી ઘટનાઓ વધી છે. જેના કારણે સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકારોને ખુબ ફટકાર લગાવી છેસુપ્રિમે રોષભેર કહ્યુ છે કે લોકોને ગેસ ચેમ્બરમાં શુ કામ રહેવા મજબુર બનવુ જોઈએ ? એના કરતાં તો લોકોને વિસ્ફોટકોથી મારી નાંખો.

### દિલ્હી પોલીસે ત્રણ આતંકીઓ ઝડપ્યા

દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે આતંકવાદીઓની મોટી સાજીશને નાકામ કરી છે. પોલીસે આઈઈડી વિસ્ફોટકો સાથે ત્રણ લોકોને ઝડપી લીધા છે. તેઓ દિલ્હીમાં મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા.

### યુપીના બાંદામાં ભીષણ અકસ્માત

ઉત્તરપ્રદેશના બાંદા-ટાંડા હાઈવે પર રોડવેઝની બસ અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં નવના મોત નીપજ્યા છે. જ્યારે ૨૦ને ગંભીર ઈજાઓ થઈ છે.

### સિંધિયાએ ટ્વીટર પરથી કોંગ્રેસ પરિચય હટાવ્યો

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ મહા સચિવ જ્યોતિરાદિત્ય સિંધિયાની પાર્ટી હાઈ કમાન્ડથી નારાજગી વધી રહી હોવાની વાતો ફેલાઈ છે. તેઓએ પોતાના ટ્વીટર એકાઉન્ટ પરથી કોંગ્રેસનો પરિચય હટાવી દીધો છે. નવા એકાઉન્ટમાં તેઓએ પોતાને જનસેવક અને ક્રિકેટપ્રેમી દર્શાવતા અટકળોને વેગ મળ્યો છે.

### બીએસએનએલના કર્મચારીઓ હડતાલ પર


વીઆરએસ સ્કીમ સામે બીએસએનએલના કેટલાક કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઓક્ટોબર માસમાં પગાર પણ થયો ન હોવાથી કર્મચારીઓની નારાજગી વધી છે. દિલ્હી, અમદાવાદ, ભૂજ, જામનગર સહિત અનેક શહેરોના કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે.

# નાયબ મુખ્યમંત્રી બનતાં જ અજિત પવારને ભ્રષ્ટાચારના કેસોમાં ક્લિનચીટ

## સિંચાઈ કાંડના ઘણા મામલામાં અજિત પવારને આખરે રાહત : સિંચાઈ કૌભાંડની સાથે જોડાયેલ ૩૦૦૦ ટેન્ડરોમાં તપાસ જારી : ૯ મામલામાં અજીત પવાર વિરૂદ્ધ પુરાવા ન મળ્યા

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રમાં ભાજપની સાથે સરકાર બનાવવાના ત્રીજા દિવસે જ વિદર્ભ વિસ્તારના હજારો કરોડ રૂપિયાના સિંચાઈ કૌભાંડમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજીત પવારને એન્ટી કરપ્શન બ્યુરોમાંથી કેટલાક મામલામાં રાહત મળી ગઈ છે. હવે આ મામલામાં અજીત પવારની સામે કેસો બંધ થઈ ચુક્યા છે. એસીબીએ કહ્યું છે કે, સિંચાઈ



કૌભાંડ સાથે જોડાયેલા ૩૦૦૦ ટેન્ડરોની તપાસ ચાલી રહી છે. એમ માનવામાં આવે છે કે, નવ મામલાઓમાં અજીત પવારની સામે કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. સુત્રોના કહેવા મુજબ એન્ટી કરપ્શન બ્યુરોએ કહ્યું છે કે, અજીત પવારની સામે નવ મામલાઓમાં તપાસ માટે પુરતા પુરાવા મળ્યા નથી. એસીબીએ એમ પણ કહ્યું છે કે, જો કોર્ટ દ્વારા તપાસના આદેશ

● અનુસંધાન પાન-૭ પર

# સંસદમાં માર્શલો સાથે ગેરવર્તન કરનાર કોંગ્રેસના બે સાંસદો સસ્પેન્ડ

## બંન્ને સાંસદોએ માર્શલો સાથે ધક્કામુક્કી કરતાં કાર્યવાહી કરાઇ

ન્યુ દિલ્હી,તા.૨૫

સંસદના શીયાળુસત્રના છઠ્ઠા દિવસે કોંગ્રેસે મહારાષ્ટ્રને લઈને કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. આ દરમિયાન કોંગ્રેસના બે સાંસદો હિબી ઈડેન અને પ્રતાપને માર્શલો સાથે ધક્કામુક્કી કરી હતી. સ્પીકર ઓમ બિરલાએ આ બંને સાંસદોને સસ્પેન્ડ કરી દીધા છે.

હંગામાના કારણે સંસદના બંને સદનનોની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો થયો હતો. ભારે હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી તો રાજ્યસભાની બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. ૧૨ વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થતા જ ફરી હોબાળો મચી જવા પામ્યો હતો જેના કારણે ૨ વાગ્યા સુધી તેને ફરી સ્થગિત કરવામાં આવી હતી.



રાહુલ ગાંધી આટલુ બોલતાની સાથે જ કોંગ્રેસના સાંસદોએ વિરોધ કરવાનું શરૂ કરી દીધું હતું. કેટલાક સભ્યો તો વેલમાં બેનર લઈને ઘુસી ગયા હતાં અને આસન સામે બેનર ફરકાવવા લાગ્યા હતાં. આ દરમિયાન લોકસભા અધ્યક્ષે વારંવાર કોંગ્રેસ સાંસદોને બેનર નીચે કરવાની ચેતવણી આપી પરંતુ તેઓ વાત માન્યા નહોતા.

હોબાળો શાંત ના થતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા પોતાના આસન પર ઉભા થઈ ગયા અને કહ્યું કે છેલ્લીવાર ચેતવણી આપુ છું, બેનર નીચે કરો. કોંગ્રેસના સાંસદોએ આ વાત પણ ના માની તો લોકસભા અધ્યક્ષે તેમને સદનની બહાર કરવાની ધમકી આપી. તેમ છતાંયે કોંગ્રેસના સાંસદો શાંત થવાનું નામ નહોતા લેતા. આખરે લોકસભા અધ્યક્ષે હિબી એડેન અને પ્રતાપનનેનું નામ લઈને કહ્યું કે તમે તમારા બેનર નીચે કરો. ૩૭૩ અંતર્ગત ૧ મીનીટમાં હિબી એડન અને પ્રતાપસને પોતાના બેનર નીચે કરવા કહ્યું. પરંતુ આમ ના કરવા પર તેમને બંનેને સદનની બહાર કરવા આદેશ આપ્યો.

# ભાજપ જે વચન આપે છે તે પૂર્ણ કરે છે : મોદી

**મોદીની ડાલ્ટનગંજ-પલાનુમાં ઝંઝાવતી રેલી : ૩૭૦, અયોધ્યા વિવાદની તરફ ઇશારો કરીને અન્ય પક્ષો ઉપર પ્રહાર કર્યા : ૨૦૨૨ સુધી તમામ પાસે પાકા મકાનો**

ડાલ્ટનગંજ, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે પ્રચારનું રણશિંગુ ફુંકી દીધું હતું. પોતાની પ્રથમ ચૂંટણી રેલીમાં મોદીએ અનેક સંવેદનશીલ મુદ્દા ઉઠાવ્યા હતા. રામ મંદિરના મુદ્દાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, ભાજપ જે સંકલ્પ લે છે તેને પુરા કરે છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ અને અયોધ્યા વિવાદની તરફ ઈશારો કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપ જે વચનો આપે છે તે પુરા કરે છે જ્યારે બાકીના દળો સમસ્યાઓને લટકાવીને વોટ બેંક ઉપર ધ્યાન આપે છે. ઝારખંડમાં પોતાની પ્રથમ ચૂંટણી સભામાં કેન્દ્રીયમંત્રી અમિત શાહે પણ ૨૧મી નવેમ્બરના દિવસે રામ મંદિરનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ આજે ઝંઝાવતી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. ભાજપે જે પણ વચનો આપ્યા છે તે પુરા કર્યા છે. કેટલા પણ મુશ્કેલ કામ હશે તો પણ તેને પૂર્ણ કરવામાં આવશે. કોંગ્રેસનું કામ કરવાની રીત સમસ્યાઓ ટાળીને મત માંગવા માટેની રહી છે. આજ કારણસર કલમ ૩૭૦ને

● અનુસંધાન પાન-૭ પર

